ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-~~2570110~~, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date : 4th September, 2017

પ્રતિ,
તંત્રી શ્રી,

.............................................................................,

ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લાના ૧૦ થી ૧૭ વર્ષની ઉંમર ધરાવતા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત વિવિધ વિષયો પર કરશે સંશોધનો..**

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચી કેળવાય તેવા હેતુથી છેલ્લા ૨૪ વર્ષથી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને પ્રતિ વર્ષે ૧૦ થી ૧૭ વય જૂથના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC નેટવર્ક દ્વારા **રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ**નું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ માટે 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' મુખ્ય વિષયના ૧. કુદરતી સ્ત્રોતોનું વ્યવસ્થાપન, ૨. ખેતી અને ખોરાક, ૩. ઉર્જા, ૪. સ્વાસ્થ (તંદુરસ્તી), સ્વચ્છતા (ખોરાક) અને પોષણ (આરોગ્ય), ૫. આજીવિકા અને જીવન શૈલી, ૬. આપત્તિ વ્યવસ્થાપન, ૭. પારંપરિક જ્ઞાન અને રીવાજો પેટા વિષયો આધારિત સંશોધન કાર્ય થનાર છે.

આ વર્ષે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું રાજ્ય કક્ષાનું અને રાષ્ટ્રીય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાનું સંકલન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવશે.

આ રાષ્ટ્રીય બળ વિજ્ઞાન પરિષદમાં ૧૦ થી ૧૭ વર્ષની ઉંમર ધરાવતા વિદ્યાર્થીઓની વધુમાં વધુ સાત ટીમ (દરેક ટીમમાં ૫ (પાંચ) સભ્યો) બનાવીને શાળા જોડાઈ શકે છે. આપની શાળાની નોંધણી કરાવવા માટે **તા. ૧૨-૦૭-૨૦૧૭** સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાતે રૂબરૂ, ફોન (0278 2570111) ઈ-મેઈલ (krcscbvn@gmail.com) અથવા Whatsapp (9979707221) પર સંપર્ક કરવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

4.9.17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.